# સાઉથ રિપબ્લીક

તંત્રી : રોહિત અશોક શેઠિયા

દૈનિક

Volume : 01 · Issue : 7 · Page - 5 · Price : Rs.1/- · Annual Subscription : Rs.300/- · Date : 29 AUGUST 2026, SATURDAY , · Periodicity : DAILY Publication city : NAVSARI

Language : GUJARATI, Publication Place : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT-396445. Email:sethiarohit48@gmail.com

OFFICE : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT- 396445, Mo. +91-7600000600, PRGI No. GJGUJ/26/A7115


# જલાલપોરમાં વિવિધ વિસ્તારોની વૃદ્ધ મહિલાને ટાર્ગેટ કરી સ્નેચિંગ કરનાર અને બાઈક ચોરી કરનાર ૨ આરોપી ઝડપાયા, એક વોન્ટેડ

## આરોપી પાસેથી ૩.૭૭ લાખના મુદ્દામાલ કબ્જે કર્યો, ૪ ગુનાનો ભેદ ઉકેલાયો

### આરોપીઓના ઈતિહાસ ગુનાહિત

નવસારી એલ.સી.બી. પોલીસે ઝડપી પાડેલા આરોપી સ્વદેશ ઉર્ફે શીલુ અને શુભમનો ઈતિહાસ ગુનાહિત હોવાનું સામે આવ્યું છે. જેમાં આરોપી સ્વદેશ ઉર્ફે શીલુ વિરુદ્ધ મહારાષ્ટ્રના અંબડ પોલીસ મથકે ૧ ગુનો, ગંગાપુર પોલીસ મથકે ૪ ગુનાઓ, ઈન્દિરાનગર પોલીસ મથકે ૪ ગુનાઓ, યુ.પી. ના હોલાગઢ પોલીસ મથકે ૪ ગુનાઓ અને યુ.પી. ના સરાઈઈનાયત પોલીસ મથકે ૧ ગુનો મળી કુલ્લે ૧૪ ગુનાઓ નોંધાયા હતા.

જયારે આરોપી શુભમ વિરુદ્ધ મહારાષ્ટ્રના અંબડ પોલીસ મથકે ૧ ગુનો, ગંગાપુર પોલીસ મથકે ૩ ગુનાઓ અને ઈન્દિરાનગર પોલીસ મથકે ૪ ગુનાઓ મળી કુલ ૮ ગુનાઓ નોંધાયા હતા.



### આરોપીઓની ગુનો કરવાની એમ. ઓ.

નવસારી એલ.સી.બી. ના હાથે ઝડપાયેલા આરોપી સ્વદેશ ઉર્ફે શીલુ અને શુભમ યુ.પી. ખાતેથી આવી મકાન ભાડે રાખી બાઈક ચોરી કરી નંબર પ્લેટ કાઢી નાંખે છે. જે ચોરીની બાઈક લઈ તેઓ અલગ-અલગ શહેરોમાં જઈ એકલ-દોકલ ચાલતી જતી મહિલાઓએ પહેરલા સોનાના દાગીનાની ચીલ ઝડપ કરવાની તેમજ આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ જોતા તેઓ લુંટ, ધડ જેવા ગુનોઓ આચરે છે.

**સાઉથ રિપબ્લીક - નવસારી**

નવસારી એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે જલાલપોરના વિવિધ વિસ્તારોમાં વૃદ્ધ મહિલાને ટાર્ગેટ કરી સ્નેચિંગ કરનાર અને બાઈક ચોરી કરનાર ૨ આરોપીને એરુ-દાંડી રોડ પરથી ઝડપી પાડી કુલ્લે ૩.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કરી ૪ ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. જયારે અન્ય એક ઈસમને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ગત ૧૪મીએ જલાલપોર વિસ્તારમાં બે અજાણ્યા ઈસમો બાઈક પર આવી વૃદ્ધ મહિલાને ટાર્ગેટ કરી ચેઈન સ્નેચિંગ કર્યાનો બનાવ જલાલપોર પોલીસ મથકે નોંધાયો હતો. જે બાબતે નવસારી લોકલ ક્રાઈમ બ્રાંચે અલગ-અલગ ટીમો બનાવી ઘટનાની જગ્યાની વિઝીટ કરી સી.સી.ટી.વી. ફૂટેજ મેળવી તેમજ ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલીજન્સથી ગુનો શોધી કાઢવા -યત્નો હાથ ધર્યા હતા. દરમિયાન એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, હાંસાપોર ગામમાં આવેલા કંકેશ્વર મહાદેવના મંદિર પાસેથી મહિલાએ પહેરેલા દાગીનાની સ્નેચિંગ કરનાર બંને ઈસમો એક કાળા રંગની નંબર વગરની સ્પ્લેન્ડર પ્લસ બાઈક ઉપર એરુથી દાંડી તરફ જતા રોડ ઉપર આંટા-ફેરા મારે છે. જે બાતમીના આધારે પોલીસે દાંડીથી એરુ તરફ આવતા રસ્તા ઉપર આવેલ અસ્પી બાગાયત મહાવિદ્યાલય કૃષિ યુનિવર્સીટીના ગેટની સામે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી બાઈક આવતા પોલીસે મૂળ યુ.પી. પ્રયાગરાજ જીલ્લાના સોરાઓ તાલુકાના માયરી હંશરાજપુર ગામે અને હાલ સુરતના સચિન જી.આઈ.ડી.સી. સમર્થનગરમાં રહેતા સ્વદેશ ઉર્ફે સીલુ રમાશંકર મૌર્યા અને મૂળ યુ.પી. પ્રયાગરાજ જીલ્લાના સોરાઓ તાલુકાના માયરી હંશરાજપુર ગામે મિશ્રા પાનભંડારની પાસે અને હાલ સુરતના સચિન જી.આઈ.ડી.સી. સમર્થનગરમાં તથા નાશિક જીલ્લાના અંબડ ગામે કીમચોલે મહાદેવ મંદિર પાસે અનમોલ રોય ખાતે રહેતા શુભમ વિનોદભાઈ મૌર્યને ચોરીની બાઈક, સોનાની લગડી, મોબાઈલ અને રોકડા રૂપિયા સાથે ઝડપી પાડયા હતા.

પોલીસે આરોપી સ્વદેશ ઉર્ફે સીલુ અને શુભમની પૂછપરછ કરતા ગત ૧૨મીએ વલસાડ રેલ્વે સ્ટેશન પાર્સલ ઓફિસની સામે ગેટ પાસેથી બાઈક ચોરી કરી હતી. જે બાઈક લઈ નવસારી આવતા બંધ પડી જતા નવસારી રેલ્વે સ્ટેશન પાસે મૂકી દીધી હતી. જયારે ગત ૧૩મીએ બીલીમોરા ખાતેથી બાઈક ચોરી કરી જલાલપોર તાલુકાના હાંસાપોર ગામ ખાતે આવી સ્નેચિંગ કરી હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે ૨,૨૬,૨૭૫ રૂપિયાની ૧૭.૦૧૦ ગ્રામની સોનાની લગડી, ૪૦ હજાર રૂપિયાની ચેઈન સ્નેચિંગ કરવા માટે ચોરેલી બાઈક, ૩૫ હજાર રૂપિયાની ચોરી કરેલી બાઈક (નં. જીજે-૧૫-બીજી-૨૯૭૨), ૭૦ હજાર રૂપિયાના ૨ મોબાઈલ અને રોકડા ૫૯૨૦ રૂપિયા મળી કુલ્લે ૩,૭૭,૧૯૫ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જયારે પોલીસે એમ.પી. ના અરબાજ શેખને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.

પોલીસે આરોપી સ્વદેશ ઉર્ફે સીલુ અને શુભમને ઝડપી પાડી જલાલપોર પોલીસ મથક, બીલીમોરા પોલીસ મથકે, વલસાડ રેલ્વે પોલીસ મથક અને ઉત્તર-દેશ ફાફામઉ પોલીસ મથકે નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

# સોમનાથ તળાવની ફરતે મુકવામાં આવેલી બ્યુટીફીકેશન લાઈટ ચાલુ કરવા માંગ





બીલીમોરા : સોમનાથ તળાવની ફરતે મુકવામાં આવેલી બ્યુટીફીકેશન લાઈટ ચાલુ કરવા માંગ કરી બીલીમોરા નગરપાલિકાના સભ્યએ ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી છે.

બીલીમોરા નગરપાલિકાના સભ્ય મલંગ કોલીયાએ ચીફ ઓફિસરને કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યું હતું કે, સોમનાથ તળાવની ફરતે મુકવામાં આવેલો લાઈટ જેનો વર્કઓર્ડર ૨૦૨૫ માં આપવામાં આવ્યો હતો. જે કામ ૭૮ લાખ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યો છે. આ લાઈટ છેલ્લા બે મહિનાથી બંધ છે. જે બાબતે વાંરવાર મૌખિક રજુઆતો કરવામાં આવી હોવા છતાં હજી સુધી લાઈટ ચાલુ થઇ નથી. જેથી સ્થાનિકોને મુશ્કેલી પડી રહી છે. આ કોન્ટ્રાકટરની મુદત ૨૦૨૮ સુધીની છે. રીપેર તેમજ જરૂરી વાયરો બદલવાની પાલિકા તરફથી નોટીસ આપવામાં આવે, પરંતુ બીજી નોટીસ હજી સુધી મળી નથી. ગત ૪થી ઓગષ્ટે મોકલાવેલી નોટીસ પાછી આવી છે. દુખની વાત એ છે નગરપાલીકાની ઓફીસ કે જ્યાં ચીફ ઓફિસર અને અધિકારી બેસે છે તેની પાછળનો જ ભાગ છે. તેમ છતાં લાઈટો બંધ રહે તો શા માટે અત્યાર સુધી પગલા લેવામાં ન આવ્યા અને નોટીસ પરત કેમ આવી તેવો સવાલ પૂછી તપાસ કરવાની માંગ કરી છે.

હાલમાં શ્રાવણ માસ ચાલે છે અને હજરો લોકો દર્શનાર્થે આવે છે. તળાવ પણ ભરેલું છે. જેની પાસેથી રોડ પસાર થાય છે તે હાલ ઈમરજન્સી વાહનો માટે ઘણો ઉપયોગી છે. જો ૧૦ દિવસમાં બંધ લાઈટો ચાલુ કરવામાં ન આવે તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# વસ્તી ગણતરીની કામગીરી પૂર્ણ છતાં નવસારીમાં ૫ હજારથી વધુ કર્મચારીઓનું મહેનતાણું અટવાયું

નવસારી : નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં ૮૦૦થી વધુ તથા જિલ્લા પંચાયત હસ્તકના ગ્રામ્ય વિસ્તારોમાં આશરે ૫ હજારથી વધુ પ્રાથમિક-માધ્યમિક શિક્ષકો અને સરકારી કર્મચારીઓને વસ્તી ગણતરીની કામગીરી સોંપવામાં આવી હતી. જે કામગીરી કામગીરી નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરી હતી. આ મહત્વપૂર્ણ કામગીરી દરમિયાન કર્મચારીઓએ રજાના દિવસોમાં પણ ફરજ બજાવી હતી. કામગીરી પૂર્ણ થયાના મહિનાઓ બાદ પણ મહેનતાણું ચૂકવવામાં ન આવતાં કર્મચારીઓમાં અસંતોષ ફેલાયો છે.

કર્મચારીઓના જણાવ્યા મુજબ, ચૂંટણી કે વસ્તી ગણતરી જેવી સરકારી કામગીરી વખતે સમયમર્યાદા અને ફરજ અંગે તંત્ર દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવે છે. પરંતુ કામગીરી પૂર્ણ થયા બાદ મહેનતાણું ચૂકવવાની પ્રક્રિયામાં વિલંબ થાય છે. આથી કર્મચારીઓએ તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે.

# ધોલાઈ બંદરે નાળિયેરી પૂનમની ઉજવણી કરી ૧૨૦૦થી વધુ બોટ નવી સીઝન માટે રવાના થશે





### સાગરખેડૂઓએ દરિયાદેવને શ્રીફળ અર્પણ કરી સુરક્ષિત અને સમૃદ્ધ માછીમારી સીઝન માટે પ્રાર્થના કરી

નવસારી : બીલીમોરા સ્થિત ઐતિહાસિક ધોલાઈ બંદરે શ્રાવણી પૂર્ણિમા નિમિત્તે નાળિયેરી પૂનમની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. સાગરખેડૂ સમુદાય દ્વારા દરિયાદેવનું પૂજન-અર્ચન કરી નવી માછીમારી સીઝનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. માછીમાર પરિવારોએ ઢોલ-શરણાઈના તાલે વાજતે-ગાજતે બંદરે પહોંચ્યા હતા અને દરિયાદેવને શ્રીફળ અર્પણ કરી બોટનું વિધિવત પૂજન કર્યું હતું.

દક્ષિણ ગુજરાતમાં અંદાજે ૨૫ હજારથી વધુ પરિવારો દરિયાઈ વ્યવસાય સાથે જોડાયેલા છે. દક્ષિણ ગુજરાતના માછીમારો માટે મહત્વપૂર્ણ એવા ધોલાઈ બંદરેથી એકલા ૪ હજારથી વધુ માછીમારો દરિયો ખેડવા જાય છે. નવસારી અને વલસાડ જિલ્લાની મળીને ૧૨૦૦થી વધુ ફિશિંગ બોટ ધરાવતા માછીમારો નાળિયેરી પૂનમ બાદ નવી સીઝન માટે દરિયામાં જવાની તૈયારીઓ શરૂ કરે છે. ત્યારે આજે ચોમાસાના વિરામ બાદ શરૂ થતી નવી માછીમારી સીઝનમાં સારો વ્યવસાય અને રોજગારી મળે તેમજ દરિયામાં તમામ સાગરખેડૂઓ સલામત રહે તે માટે માછીમારોએ પ્રાર્થના કરી હતી. દરિયાદેવની પૂજા સાગરખેડૂઓ માટે રોજીરોટીની સમૃદ્ધિ અને દરિયાઈ સુરક્ષાની આસ્થા સાથે જોડાયેલી છે.

સ્થાનિક અગ્રણી ભરતભાઈએ જણાવ્યું હતું કે, દરિયો સાગરખેડૂઓ માટે સાક્ષાત દેવ સમાન છે. પવિત્ર એકાદશીના દિવસે દરિયાદેવને ઘરે સ્થાપિત કરી પાંચ દિવસ સુધી પૂજન કરવામાં આવે છે. ત્યારબાદ શ્રાવણી પૂર્ણિમાના દિવસે કળશયાત્રા અને શોભાયાત્રા સાથે દરિયાકિનારે આવી દરિયાદેવનું પૂજન તથા બોટની વિધિવત્ પૂજા કરવામાં આવે છે. તોફાની દરિયો શાંત રહે અને સાગરખેડૂઓનું રક્ષણ થાય તેવી પ્રાર્થના કરવામાં આવે છે.

માછીમાર રમણીકલાલ ટંડેલે જણાવ્યું હતું કે, નાળિયેરી પૂનમના દિવસથી દરિયાનું બળ ઓછું થતું હોવાથી આ તહેવારને ‘બળેવ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. દરિયામાં નાળિયેર પધરાવી અને હોડીઓની પૂજા કર્યા બાદ સાગરખેડૂઓ નવી આશા અને ઉત્સાહ સાથે આગામી માછીમારી સીઝન માટે ઊંડા દરિયામાં રવાના થશે.

## સાપુતારામાં મિત્ર જ બન્યો મિત્રનો હત્યારો

# ગણેશોત્સવના ફાળા અને જૂની તકરાર મુદ્દે છ મિત્રો વચ્ચે બબાલ; ૨૭ વર્ષીય યુવકને પેટના ભાગે ચપ્પુના ઘા, સારવાર દરમિયાન મોત




સાપુતારા : ડાંગ જિલ્લાના પ્રસિદ્ધ ગિરિમથક સાપુતારામાં મોડી રાત્રે મિત્રોની વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલી ઉગ્ર ઝઘડામાં ફેરવાતા ૨૭ વર્ષીય યુવકની કરુણ હત્યા થતાં ચકચાર મચી ગઈ છે. મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના સુરગાણા તાલુકામાંથી સાપુતારા ફરવા આવેલા છ મિત્રો વચ્ચે ગણેશોત્સવમાં ફાળો આપવા બાબતે તેમજ અગાઉની તકરારને લઈને વિવાદ થયો હતો. દરમિયાન એક યુવકે પોતાના જ મિત્રના પેટના ભાગે ચપ્પુના ઘા ઝીંકી દેતાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. બાદમાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, સુરગાણા તાલુકામાંથી છ જેટલા યુવકો સાપુતારા ફરવા આવ્યા હતા. મોડી રાત્રે તમામ મિત્રો સાપુતારા મ્યુઝિયમ નજીક આવેલા બેંક ઓફ બરોડાના ATM પાસે નાસ્તો કરવા માટે બેઠા હતા. આ દરમિયાન ગણેશોત્સવ માટે ફાળો આપવા બાબતે તેમની વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. અગાઉ ગણેશ વિસર્જનના પ્રસંગે થયેલી જૂની તકરારને લઈને પણ બંને પક્ષો વચ્ચે અણબનાવ હોવાનું જાણવા મળ્યું છે.

બોલાચાલી દરમિયાન મામલો વધુ ઉગ્ર બન્યો હતો. ઉશ્કેરાયેલા કૃણાલ કિરણ પરદેશીએ ૨૭ વર્ષીય હેમંત વિલાસ સૂર્યવંશીના પેટના ભાગે ચપ્પુ વડે ગંભીર ઘા ઝીંકી દીધા હતા. ચપ્પુના ઘાથી હેમંત લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. ઘટનાને પગલે અન્ય મિત્રો વચ્ચે પણ અફરાતફરીનો માહોલ સર્જાયોહતો.

ગંભીર રીતે ઘવાયેલા હેમંતને તેના બે મિત્રો તાત્કાલિક બાઈક પર મહારાષ્ટ્રના વણી ખાતે આવેલી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જોકે, પેટના ભાગે ગંભીર ઈજા થઈ હોવાથી સારવાર દરમિયાન હેમંતનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં સાપુતારા પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી.

ડાંગ એસપી પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ સાપુતારા પીઆઈ જે.કે. બારીયા સહિતની પોલીસ ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસે ઝડપી કાર્યવાહી કરીને હત્યા કેસના મુખ્ય આરોપી કૃણાલ કિરણ પરદેશીને ઝડપી લીધો હતો. પોલીસે ઘટનામાં વપરાયેલું ચપ્પુ પણ કબજે કર્યું છે. ઘટનાસ્થળે હાજર અન્ય ચાર શંકાસ્પદ યુવકોની પણ પોલીસે પૂછપરછ શરૂ કરી છે.

### અગાઉ પણ સામે આવી ચૂક્યા છે શંકાસ્પદ મોતના બનાવો

સાપુતારા અને આસપાસના વિસ્તારમાં અગાઉ પણ શંકાસ્પદ સંજોગોમાં મૃતદેહ મળી આવવાના બનાવો સામે આવ્યા છે. નવેમ્બર ૨૦૨૩માં સાપુતારાથી માલેગામ તરફ જતા ઘાટ માર્ગની ઊંડી ખાઈમાંથી યુવક-યુવતીના મૃતદેહ મળી આવ્યા હતા. પરિવારજનોની શંકા બાદ પોલીસે પેનલ પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરી હતી.

ફેબ્રુઆરી ૨૦૨૨માં સાપુતારા-મહારાષ્ટ્ર સરહદ નજીકના જંગલમાંથી અજાણી મહિલાનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. શરીર પર ઈજાના નિશાન હોવાથી પોલીસે હત્યા સહિતના એંગલથી તપાસ હાથ ધરી હતી. જ્યારે જુલાઈ ૨૦૨૧માં પણ સાપુતારા નજીક એક પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો, જેમાં પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી ફોરેન્સિક તપાસ માટે વિસેરા મોકલ્યા હતા.

તાજેતરની હત્યાની ઘટનાએ સાપુતારા જેવા પ્રવાસન સ્થળે રાત્રિના સમયે કાયદો-વ્યવસ્થા અને સુરક્ષા વ્યવસ્થા અંગે ફરી સવાલો ઊભા કર્યા છે. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ચીખલીમાં ૩૬ તેલના ડબ્બા મંગાવી ખોટા ચેક આપી કરીયાણાના વેપારી સાથે ૧.૦૬ લાખની છેતરપીંડી

નવસારી : ચીખલીમાં ઈદ-મિલાદના પ્રસંગ નિમિત્તે મંગાવેલા ૩૬ તેલના ડબ્બા મંગાવી ખોટા ચેક આપી કરીયાણાના વેપારી સાથે ૧.૦૬ લાખની છેતરપીંડી આચરી હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, ચીખલી તાલુકાના નીયરા કાવેરી કોમ્પ્લેક્ષમાં ઈમરાનભાઈ અસરફભાઈ મેમણ તેમના પરિવાર સાથે રહે છે અને અનાજ કરીયાણાની દુકાન ચલાવે છે. ગત ૨૨મીએ ઈરફાનના ઈસમે ઈમરાનભાઈને ફોન કરી જણાવ્યું હતું કે, ઈદે મિલાદનો પ્રસંગ હોવાથી તેલના ડબ્બા આપવાના હોવાથી ૧૨ ડબ્બાનો ઓર્ડર આપ્યો હતો. જેથી ઈરફાનભાઈએ ઈમરાનભાઈની કરિયાણાની દુકાને રીક્ષા મોકલતા ઈમરાનભાઈએ ૧૨ ડબ્બા તેલના રીક્ષામાં મુક્યા હતા. અને ૩૫,૪૦૦ રૂપિયાનો ચેક મોકલાવ્યો હતો. ત્યારબાદ વારંવાર ઈરફાનભાઈ ઈમરાનભાઈ પાસેથી તેલના ડબ્બા મંગાવતા હતા અને ચેક મોકલતા હતા. ધીરે-ધીરે ઈરફાનભાઈએ ઈમરાનભાઈ પાસેથી કુલ ૩૬ તેલના ડબ્બા મંગાવ્યા હતા. જેની સામે ઈરફાનભાઈએ ચેક આપ્યા હતા. પરંતુ તે ચેકો ઈમરાનભાઈએ બેંકમાં નાંખતા ચેક બાઉન્સ થયા હતા તો કેટલાક ચેકો તો બોગસ હોવાનું સામે આવ્યું હતું. જેથી ઈમરાનભાઈને છેતરપીંડી થઈ હોવાનું જણાયું હતું. આ બાબતે ઈમરાનભાઈએ ચીખલી પોલીસ મથકે ઈરફાન નામના ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. આર.એન. વાડલેએ હાથ ધરી છે.

# ચીખલીના સાદડવેલ ગામેથી ગાંજા સાથે મહિલા ઝડપાઈ, એક વોન્ટેડ

નવસારી : ચીખલી પોલીસે બાતમીના આધારે સાદડવેલ ગામેથી ગાંજા સાથે મહિલાને ઝડપી પાડી હતી. જ્યારે ગાંજો આપી જનારને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ચીખલી પોલીસે બાતમીના આધારે સાદડવેલ ગામે સોનારીયા ગુજરાતી સ્કુલ પાસે રહેતી સવિતાબેન સતિષભાઈ પટેલના ઘરે છાપો માર્યો હતો. જ્યાંથી પોલીસને ૧૯૦૦ રૂપિયાનો ૦.૦૩૮ ગ્રામનો વનસ્પતિજન્ય ગાંજો મળી આવતા પોલીસે સવિતાબેનને ઝડપી પાડી હતી. પોલીસે સવિતાબેનની પૂછપરછ કરતા સુરતના મહુવા તાલુકાના ઉમરા ગામે રહેતા અજીત મંગુ ગાંજો આપી જતો હોવાનું કબુલતા પોલીસે અજીતને વોન્ટેડ જાહેર કર્યો હતો. ઘટના સ્થળેથી પોલીસે ગાંજા સહીત ૫૦૦ રૂપિયાનો મોબાઈલ અને ૫૦૦ રૂપિયાનો ઈલેક્ટ્રોનિક વજન કાંટો મળી કુલ્લે ૨૯૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

# ગટરના ખુલ્લા ખાડામાં ગાય ખાબકી, ગ્રામજનોએ મહામહેનતે બચાવી



વાંસદા : વાંસદાના પાટા ફળિયા વિસ્તારમાં ગટર પરનું જર્જરિત ઢાંકણું તૂટી જતાં એક ગાય ગટરના ઊંડા ખાડામાં ખાબકી હતી. ગાયના ભાંભરવાના અવાજથી આસપાસના ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આહીર સમાજના યુવાનો અને સ્થાનિક રહીશોએ ભારે જહેમત બાદ ગાયને સહીસલામત રીતે ખાડામાંથી બહાર કાઢી હતી.

મળતી માહિતી મુજબ, પાટા ફળિયામાં ગટર પર મૂકવામાં આવેલા ઢાંકણાં લાંબા સમયથી જૂનાં અને જર્જરિત હાલતમાં છે. ગાય ગટર પરથી પસાર થઈ રહી હતી ત્યારે તેના વજનથી ઢાંકણું તૂટી જતાં તે ખાડામાં પડી ગઈ હતી.

ઘટનાને પગલે સ્થાનિકોમાં ગ્રામ પંચાયતની કામગીરી સામે રોષ જોવા મળ્યો હતો. ગ્રામજનોના જણાવ્યા મુજબ, વિસ્તારમાં અનેક સ્થળોએ ગટરો ખુલ્લી છે તેમજ કેટલાક સ્થળે તૂટેલા ઢાંકણાં હોવાથી અકસ્માતનું જોખમ રહેલું છે. ખાસ કરીને બાળકો અને રાહદારીઓ માટે જોખમી સ્થિતિ સર્જાઈ શકે છે.

નોંધનીય છે કે આ ઘટના ગ્રામ પંચાયતના સરપંચ ગુલાબ પટેલના ઘર નજીક જ બની હતી. ગ્રામજનોએ પંચાયત તંત્રને તાત્કાલિક જર્જરિત ઢાંકણાં બદલી નવા અને મજબૂત ઢાંકણાં મૂકવા તેમજ ખુલ્લી ગટરોને સુરક્ષિત રીતે બંધ કરવાની માંગ કરી છે.

# વાપી RPF-GRPની કાર્યવાહી :૫ આરોપીઓ ઝડપાયા, રૂા.૧.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત

વલસાડ : વાપી રેલવે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા માટે RPF અને GRP દ્વારા ચલાવવામાં આવેલા 'ઓપરેશન યાત્રી સુરક્ષા' અંતર્ગત ૫ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. ૯થી ૨૬ ઓગસ્ટ દરમિયાન હાથ ધરાયેલી કાર્યવાહીમાં ચોરીના ૭ મોબાઈલ ફોન અને એક મની પર્સ સહિત કુલ રૂા. ૧,૫૪,૫૪૯નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

રેલવે સ્ટેશન પર CCTV કેમેરા મારફતે સતત નજર રાખવામાં આવી રહી હતી. શંકાસ્પદ હિલચાલ જણાતા RPF દ્વારા તપાસ અને પૂછપરછ કરી ચોરીના કેસોમાં આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

૯ ઓગસ્ટે East Booking/PRS વિસ્તારમાંથી મોબાઈલ ચોરી કરનાર એક આરોપીને CCTV ફૂટેજના આધારે ઝડપી લેવામાં આવ્યો હતો. તેની પાસેથી રૂા. ૧૩,૫૦૦ની કિંમતનો મોબાઈલ મળી આવ્યો હતો. ૨૧ ઓગસ્ટે PRS પરિસરમાંથી મોબાઈલ ચોરી કરીને ભાગી રહેલા મુંબઈના બોરીવલીના ૨૯ વર્ષીય અંકિત દુબેને ઝડપી લેવાયો હતો. તેની પાસેથી રૂા. ૭,૫૦૦નો મોબાઈલ જપ્ત કરાયો હતો.

૨૩ ઓગસ્ટે વાપીના ડુંગરાના ૨૫ વર્ષીય જય દાસને CCTV તપાસ અને પૂછપરછના આધારે પકડવામાં આવ્યો હતો. તેની પાસેથી રૂા. ૯૫,૮૯૯ની કિંમતના બે ચોરીના મોબાઈલ મળ્યા હતા. ૨૪ ઓગસ્ટે સુરતના કતારગામના ૬૯ વર્ષીય સુભાષ પારેખ પાસેથી મની પર્સ, રૂા ૫,૬૫૦ રોકડા, PAN કાર્ડ અને વિઝિટિંગ કાર્ડ મળી આવ્યા હતા.

૨૬ ઓગસ્ટે વાપીના ગીતાનગરના ૪૫ વર્ષીય ઉમેશ રામને ચેકિંગ દરમિયાન ઝડપી લેવામાં આવ્યો હતો. તેની પાસેથી રૂા. ૩૨,૦૦૦ની કિંમતના વિવિધ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. તમામ આરોપીઓ અને મુદ્દામાલને આગળની કાર્યવાહી માટે ગ્બ્ભ/વાપીને સોંપવામાં આવ્યા છે.

## બાળકો પ્રત્યેની ક્રૂરતા શિક્ષાપાત્ર ગુનો

# જુવેનાઇલ જસ્ટિસ એક્ટ-૨૦૧૫ની કલમ ૭૫ અંગે જાગૃતિ

નવસારી : જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫ અંતર્ગત ૧૮ વર્ષથી ઓછી વયના બાળકોના અધિકારોનું રક્ષણ કરવું તથા તેમને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવું એ સમાજના દરેક નાગરિકની જવાબદારી છે. આ કાયદાની કલમ-૭૫ હેઠળ બાળક પ્રત્યે આચરવામાં આવતી કોઈપણ પ્રકારની ક્રૂરતા, ઉપેક્ષા કે શોષણને ગંભીર અને શિક્ષાપાત્ર ગુનો ગણવામાં આવ્યો છે.

જો કોઈ વ્યક્તિ, જે બાળકની સંભાળ અથવા કસ્ટડી ધરાવતી હોય, તે બાળકને મારઝૂડ કરે, ત્યજી દે, દુર્વ્યવહાર કરે, શારીરિક કે માનસિક યાતના આપે, ક્રૂરતા આચરે અથવા એવી રીતે ઉપેક્ષા કરે કે જેના કારણે બાળકના શારીરિક કે માનસિક સ્વાસ્થ્યને નુકસાન પહોંચે, તો તે કૃત્ય કલમ-૭૫ હેઠળ ગુનો બને છે.

આવા ગુના માટે ગુનેગારને ૩ વર્ષ સુધીની કેદ અથવા રૂ. ૧ લાખ સુધીનો દંડ અથવા બંનેની સજા થઈ શકે છે.

આવી ક્રૂરતાના પરિણામે બાળક શારીરિક રીતે અક્ષમ બને, માનસિક રીતે અસંતુલિત થાય અથવા તેનું જીવન જોખમમાં મુકાય, તો ગુનેગારને ઓછામાં ઓછી ૩ વર્ષ અને વધુમાં વધુ ૧૦ વર્ષ સુધીની કેદ તથા રૂ. ૫ લાખ સુધીના દંડની સજા થઈ શકે છે.

બાળકોની સંભાળ રાખતી કોઈ સંસ્થા ખાતે કાર્યરત કર્મચારી અથવા સંચાલક દ્વારા આવું કૃત્ય કરવામાં આવે તો તેમની સામે ૫ વર્ષ સુધીની સખત કેદ તથા રૂ. ૫ લાખ સુધીના દંડની સજા થઈ શકે છે.

બાળકો સામે થતા શારીરિક, માનસિક કે અન્ય પ્રકારના શોષણને અટકાવવા માટે દરેક નાગરિકે જાગૃત અને સંવેદનશીલ રહેવું જરૂરી છે. જો આપના ધ્યાનમાં કોઈ બાળક સાથે ક્રૂરતા, અત્યાચાર, દુર્વ્યવહાર અથવા ઉપેક્ષાની ઘટના આવે, તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન, ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮ અથવા જિલ્લા બાળ સુરક્ષા એકમ, નવસારીનો સંપર્ક કરવા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, નવસારી દ્વારા અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

બાળકોની સુરક્ષા માત્ર કાયદાકીય ફરજ નથી, પરંતુ આપણી સામાજિક અને નૈતિક જવાબદારી પણ છે.

# વાંસદામાં બ્રહ્માકુમારી અને ભાજપ મહિલા મોરચાએ રક્ષાબંધન ઉજવ્યું




વાંસદા : વાંસદામાં રક્ષાબંધન પર્વની અનોખી અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્માકુમારી સંસ્થા તથા મહિલા સુરક્ષા સમિતિની બહેનોએ વાંસદા પોલીસ સ્ટેશન ખાતે પોલીસકર્મીઓને રાખડી બાંધી રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે ભાજપ મહિલા મોરચા દ્વારા સર્કિટ હાઉસ ખાતે પદાધિકારીઓ તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓને રાખડી બાંધી તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.

વાંસદા પોલીસ સ્ટેશન ખાતે બ્રહ્માકુમારી સંસ્થા અને મહિલા સુરક્ષા સમિતિની બહેનોએ પોલીસકર્મીઓને કંકુ તિલક કરી રાખડી બાંધી હતી. ત્યારબાદ મીઠાઈ ખવડાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે પદ્યુમનસિંહ સોલંકી સહિતના પોલીસકર્મીઓને રાખડી બાંધી બહેનોએ પોલીસ જવાનોની સુરક્ષા, સુખાકારી અને લાંબા આયુષ્ય માટે -ાર્થના કરી હતી.

બીજી તરફ, વાંસદા સર્કિટ હાઉસ ખાતે પણ રક્ષાબંધન નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. બ્રહ્માકુમારી બહેનો તથા ભાજપ મહિલા મોરચાની બહેનોએ ભાજપના પદાધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓને રાખડી બાંધી રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે પિયુષ પટેલ, સંજય પટેલ, રાકેશ શર્મા, કૌશિક પટેલ સહિતના પદાધિકારીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

રક્ષાબંધન પર્વને લઈને વાંસદામાં છેલ્લા બે દિવસથી ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. મીઠાઈ તથા રાખડીની દુકાનોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી હતી. નાના બાળકોમાં પણ રક્ષાબંધનને લઈને ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો અને ભાઈ-બહેનોએ પરસ્પર રાખડી બાંધી આ પવિત્ર તહેવારની ઉજવણી કરી હતી.

# વાંસદાના ખાંભલા ગામે વરલી મટકાનો જુગાર રમાડતા એક ઝડપાયો

નવસારી : વાંસદા પોલીસે બાતમીના આધારે ખાંભલા ગામેથી વરલી મટકાનો જુગાર રમાડતા એક આરોપીને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વાંસદા પોલીસને બાતમી મળી હતી કે, ખાંભલા ગામે ચિકાર ફળીયામાં ગુલમોહરના ઝાડ નીચે એક ઈસમ આવતા-જતા માણસો પાસે વરલી મટકાના નીકળતા આંકો ઉપર પૈસા વતી હારજીતનો વરલી મટકાનો જુગાર રમી-રમાડી રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર જઈ છાપો મારી વાંસદાના ખાંભલા ગામે ચિકાર ફળીયામાં રહેતા મનીષભાઈ મનુભાઈ સહારીયાને ઝડપી પાડયો હતો. સાથે જ પોલીસે રોકડા ૪૭૦ રૂપિયા સહિતનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

વાચકો જોગ
સાઉથ રિપબ્લીક
દૈનિક-નવસારી
આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓના સમાચારો, પ્રશ્નો, સામાજિક નોંધ તેમજ શાળા- કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓના સમાચારો અમને ફોટોગ્રાફ સાથે લખીને મોકલો.
૧૦૨ રાજ રેસિડન્સી, અવધૂત આઈ હોસ્પીટલ પાસે, આશાનગર, નવસારી.
મો.:- 7600000600
EMAIL:- sethiarohit48@gmail.com

ખાસ નોંધ
સાઉથ રિપબ્લીક દૈનિક અખબારમાં છપાતા તમામ લેખ, સમાચારને લગતા વાદ-વિવાદ તકરાર, કાનૂની પ્રક્રિયા નવસારી કોર્ટને આધીન

# રખડતા ઢોરના ત્રાસથી વાંસદા-હનુમાનબારીના ગ્રામજનો ત્રાહિમામ

## મુખ્ય માર્ગો પર ઢોરના ટોળાંથી અકસ્માતનો ભય, ખેતરોમાં ઘૂસી ઉભા પાકને નુકસાન; ૧૧ જેટલા ખેડૂતોની મામલતદારને લેખિત રજૂઆત

વાંસદા : વાંસદા તાલુકાના વાંસદા અને હનુમાનબારી ગામમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા ઢોરનો ત્રાસ દિવસેને દિવસે ગંભીર બનતો જઈ રહ્યો છે. રસ્તાઓ પર રખડતા ઢોરના ટોળાં અડિંગો જમાવીને બેસી રહેતાં વાહનચાલકો સહિત રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ રખડતા ઢોર ખેતરોમાં ઘૂસી જઈ ઉભા પાકને નુકસાન પહોંચાડતાં ખેડૂતો પણ પરેશાન બન્યા છે. આ સમગ્ર સમસ્યાને લઈને ગ્રામજનો અને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, ગામના મુખ્ય માર્ગો તેમજ અવરજવરવાળા રસ્તાઓ પર દિવસ-રાત રખડતા ઢોર જોવા મળે છે. ઘણી વખત ઢોર રસ્તાની વચ્ચોવચ્ચ બેસી રહેતાં વાહનચાલકોને અચાનક બ્રેક મારવાની અથવા વાહનને અન્ય તરફ વાળવાની ફરજ પડે છે. જેના કારણે અકસ્માત સર્જાવાની શક્યતા સતત રહે છે. ખાસ કરીને શાળાના સમય દરમિયાન રસ્તા પરથી પસાર થતા નાના બાળકોની સુરક્ષાને લઈને વાલીઓમાં ચિંતા જોવા મળી રહી છે.

રખડતા ઢોરનો સૌથી મોટો ફટકો ખેડૂતોને પડી રહ્યો છે. ઢોરના ટોળાં ખેતરોમાં ઘૂસી જઈ તૈયાર અને ઉભા પાકને નુકસાન પહોંચાડે છે. ખેડૂતો દ્વારા મહેનત અને ખર્ચ કરીને તૈયાર કરવામાં આવેલો પાક રખડતા ઢોરના કારણે નષ્ટ થતાં તેમને આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે. એક તરફ ખેતીમાં વધતા ખર્ચ અને બીજી તરફ પાકને રખડતા ઢોરથી થતા નુકસાનને કારણે



ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે.

આ સમસ્યાના તાત્કાલિક ઉકેલ માટે મહેશભાઈ પટેલ, નવીનભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ સહિત આશરે ૧૧ જેટલા ખેડૂતો અને ગ્રામજનોએ વાંસદા મામલતદાર કચેરી ખાતે લેખિત આવેદનપત્ર રજૂ કર્યું હતું. હનુમાનબારી ગામના સરપંચ રાકેશ પટેલ, તાલુકા પંચાયત સભ્ય પંકજ પટેલ તથા માજી સભ્ય વિનોદભાઈ પટેલની હાજરીમાં આ રજૂઆત કરવામાં આવી હતી.

આવેદનપત્રમાં ગ્રામજનોએ રખડતા ઢોરને તાત્કાલિક નિયંત્રણમાં લેવા, મુખ્ય માર્ગો પરથી ઢોરને દૂર કરવા તેમજ ખેડૂતોના પાકને નુકસાનથી બચાવવા જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ શાળાએ જતા બાળકો તથા વાહનચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા તંત્રને અપીલ કરવામાં આવી છે.

રખડતા ઢોરની સમસ્યા કેટલી ગંભીર બની છે તેનો અંદાજ થોડા દિવસ પહેલાં બનેલી એક ઘટનાથી પણ આવી શકે છે. જકાતનાકા પાસે ગૌવંશે એક નાની બાળા ઉપર હુમલો કર્યો હતો. બાળાને ગૌવંશના હુમલાથી બચાવવા માટે ત્યાં ઊભેલા એક વ્યક્તિએ હિંમતપૂર્વક વચ્ચે પડી બાળાને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આ દરમિયાન ગૌવંશના હુમલામાં તે વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી.

ગંભીર ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને આશરે ૧૫ દિવસ સુધી હોસ્પિટલમાં સારવાર લેવાની નોબત આવી હતી. આ ઘટનાથી ગ્રામજનોમાં રખડતા ઢોર અંગેનો ભય વધુ ઘેરો બન્યો છે.

ગ્રામજનોનું કહેવું છે કે કોઈ મોટી જાનહાનિ કે ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં તંત્રએ આ મામલે તાત્કાલિક પગલાં ભરવા જરૂરી છે. ખેડૂતોના પાકની સુરક્ષા, બાળકોની સલામતી અને માર્ગ પરની અવરજવર સુગમ બને તે માટે રખડતા ઢોરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી ગ્રામજનોની પ્રબળ માંગ છે.

# ૭૩-એએની અરજીઓ પોર્ટલની આંટીઘૂંટીમાં અટવાઈ, અરજદારો પરેશાન

ચીખલી : ચીખલી સહિત નવસારી જિલ્લામાં બિનખેતી (એન.એ.) જમીનમાં ૭૩-એએની પરવાનગી મેળવવા માટે કરવામાં આવતી ઓનલાઈન અરજીઓ ડીડીઓના પોર્ટલ પર ન દેખાતી હોવાના કારણે અરજદારો મુશ્કેલીમાં મુકાયા છે. ટેકનિકલ ખામીના કારણે અરજીઓ આગળની પ્રક્રિયામાં ન જતાં અનેક અરજદારોના જમીન સંબંધિત કામો લાંબા સમયથી અટવાયેલા છે.

મહેસૂલ વિભાગ દ્વારા બિનખેતીની જમીનમાં ૭/૧૨ના બદલે પ્રોપર્ટી કાર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે. આવી સ્થિતિમાં ૭૩-એએ નિયંત્રણ સત્તાપ્રકારની બિનખેતી જમીનના વેચાણ માટે પરવાનગી મેળવવા ઓનલાઈન અરજી કરવામાં આવે છે. અરજી કલેક્ટરના પોર્ટલ પર દેખાતી હોવા છતાં ડીડીઓના પોર્ટલ પર પ્રદર્શિત થતી નથી. પરિણામે અરજીની આગળની કાર્યવાહી અટકી જાય છે.

અરજદારો દ્વારા જિલ્લા તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું નથી. બીજી તરફ ઓફલાઈન અરજી પણ સ્વીકારવામાં આવતી ન હોવાથી અરજદારોની હાલત કફોડી બની છે. કેટલાક કિસ્સામાં એક વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં અરજીનો નિકાલ થયો નથી.

પોર્ટલની આ ટેકનિકલ ખામીને કારણે ૭૩-એએવાળી બિનખેતીની જમીનમાં વિકાસ કામો, પ્રોજેક્ટ અથવા વેચાણની પ્રક્રિયા આગળ વધારી શકાતી નથી. સરકારની મોટાભાગની કામગીરી ઓનલાઈન પોર્ટલ આધારિત બની છે ત્યારે પોર્ટલમાં આવતી આવી ખામીઓનો ભોગ અરજદારો બની રહ્યા છે.

ખરોલીના અરજદારની વ્યથાઁ ખરોલી ગામની બિનખેતીની જમીનમાં ૭૩-એએની ઓનલાઈન અરજી કર્યાને આશરે એક વર્ષ જેટલો સમય થયો હોવા છતાં હજુ સુધી નિકાલ આવ્યો નથી. જિલ્લા પંચાયતમાં અરજી ડીડીઓના પોર્ટલ પર દેખાતી ન હોવાનું જણાવવામાં આવે છે, જ્યારે ઓફલાઈન અરજી પણ સ્વીકારાતી નથી. આવી સ્થિતિમાં અરજદારો જાય તો ક્યાં જાય તેવો પ્રશ્ન ઊભો થયો છે.

તંત્ર સમક્ષ માંગઁ ડીડીઓના પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ ન દેખાવાની ટેકનિકલ સમસ્યા તાત્કાલિક દૂર કરી, લાંબા સમયથી પેન્ડિંગ અરજીઓનો સમયબદ્ધ નિકાલ કરવામાં આવે તેવી અરજદારોમાં માંગ ઉઠી છે.

# નવસારીમાં ભાઈ-બહેનના અતૂટ સ્નેહના પ્રતીક સમાન રક્ષાબંધન તહેવારની ઉજવણી કરાઈ

નવસારી : નવસારીમાં રક્ષાબંધનના પાવન પર્વની ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતીક સમા આ દિવસે બહેનોએ ભાઈના દીર્ઘાયુષ્ય અને સુખ-સમૃદ્ધિની કામના સાથે તેમના કાંડે રાખડી બાંધી મોં મીઠું કરાવ્યું હતું. બદલામાં ભાઈઓએ પણ બહેનની હંમેશાં રક્ષા કરવાનું વચન આપી વિવિધ ભેટ-સોગાદો અર્પણ કરી હતી. આ પર્વને પગલે નવસારીના સ્થાનિક બજારોમાં રાખડી તેમજ મીઠાઈની ખરીદી માટે ભારે ચહલપહલ જોવા



મળી હતી. આ ઉપરાંત, વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા સેવા આપતા પોલીસ જવાનો અને સરહદના સૈનિકો માટે પણ રાખડી મોકલીને વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર પંથકમાં દિવસભર પારિવારિક સ્નેહ અને ઉત્સવનો માહોલ રહ્યો હતો.

# બીલીમોરા મહિલા મોરચાએ પોલીસ જવાનોને રાખડી બાંધી સન્માન કર્યું



બીલીમોરા : નવસારી જિલ્લાના ગણદેવી અને અમલસાડ પોલીસ સ્ટેશન ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બીલીમોરા ભાજપ મહિલા મોરચા દ્વારા પોલીસ જવાનોને રાખડી બાંધી સન્માન કરવામાં આવ્યું હતું.

નવસારી જિલ્લા ભાજપ મહિલા મોરચા તથા ગણદેવી તાલુકા મહિલા મોરચાના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં બીલીમોરા મહિલા મોરચાના સુમિત્રાબેન પટેલ સહિતની બહેનોએ પોલીસ ઈન્સ્પેક્ટર એન.આઈ. રાઠોડ સહિત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને તિલક કરી રાખડી બાંધી હતી.

પ્રજાની સુરક્ષા માટે દિવસ-રાત ફરજ બજાવતા પોલીસકર્મીઓ પ્રત્યે આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે આ કાર્યક્રમ યોજાયો હતો. મહિલા મોરચાની બહેનોએ પોલીસ વિભાગની કામગીરીને બિરદાવી પોલીસ જવાનોના દીર્ઘાયુ અને સારા સ્વાસ્થ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ પણ મહિલા મોરચાની બહેનો દ્વારા કરવામાં આવેલા સ્નેહભર્યા સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. રક્ષાબંધનના પર્વ નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમ પોલીસ જવાનો માટે લાગણીસભર અને પ્રોત્સાહક બની રહ્યો હતો.

# નવસારી ભાજપ મહિલા મોરચાએ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રીને રાખડી બાંધી



### ગાંધીનગર ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી, મહિલા સુરક્ષા અને સશક્તિકરણ માટે સરકારના પ્રયાસોની પ્રશંસા

નવસારી : નવસારી જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા ગાંધીનગર ખાતે રક્ષાબંધન પર્વની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. મહિલા મોરચાના વિશેષ પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને રાખડી બાંધી રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી.

મહિલા મોરચાની બહેનોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના દીર્ઘાયુ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે નવસારી જિલ્લા મહિલા મોરચાના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની તમામ બહેનોની રક્ષા, સુરક્ષા અને સન્માન પ્રત્યે સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ બહેનોના આશીર્વાદ બદલ આભાર વ્યક્ત કરી રક્ષાબંધન પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે મહિલા મોરચાની બહેનોએ રાજ્યમાં મહિલા સશક્તિકરણ, મહિલા સુરક્ષા અને જનકલ્યાણ માટે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ પ્રયાસોની પ્રશંસા કરી હતી. સાથે જ મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ રાજ્યમાં મહિલાઓ માટે થઈ રહેલા કાર્યો બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# સેવાકીય અભિયાનને સફળ બનાવવા સહયોગ આપનાર સૌનો હૃદયપૂર્વક આભાર : જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાની

નવસારી : નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને ભારત સરકારના PSU ALIMCOના સંયુક્ત ઉપક્રમે સમગ્ર જિલ્લામાં ૧૩ સ્થળોએ યોજાયેલા વયોશ્રી અને ADIP એસેસમેન્ટ કેમ્પમાં ૫,૯૪૨ વરિષ્ઠ નાગરિકો અને ૧,૫૧૫ દિવ્યાંગજનો મળી કુલ ૭,૪૫૭ લાભાર્થીઓનું મૂલ્યાંકન પૂર્ણ કરવામાં આવ્યું છે.

આગામી તબક્કામાં પાત્ર લાભાર્થીઓને આશરે રૂા.૫.૯૩ કરોડની કિંમતના વિવિધ સહાયક સાધનો અને ઉપકરણોનું વિતરણ કરવામાં આવશે. આ સમગ્ર અભિયાનને સફળ બનાવવા સહયોગ આપનાર નાગરિકો, મીડિયા મિત્રો, સ્વજનો, સમાજના અગ્રણીઓ તેમજ NSS, NCCના સ્વયંસેવકો અને હોમગાર્ડના જવાનોનો જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાની દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# કામના સ્થળે પતિની હેરાનગતિથી મહિલા પરેશાન, ૧૮૧ અભયમની મદદે

વલસાડ : નાનાપોઠા નજીકના ગામમાં પતિની વારંવારની હેરાનગતિથી પરેશાન થયેલી મહિલાએ ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. પતિ નશાની હાલતમાં પત્નીના કામના સ્થળે પહોંચી બોલાચાલી અને ઝઘડો કરતા હોવાથી તેના બ્યુટી પાર્લરના વ્યવસાયને અસર થઈ રહી હતી.

મહિલાના જણાવ્યા મુજબ, તેના લગ્ન વર્ષ ૨૦૧૪માં થયા હતા અને બે પુત્રો છે. પતિ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા, પરંતુ લાંબા સમયથી કેફી પદાર્થોના સેવનની કુટેવ હોવાથી નશાની હાલતમાં પત્ની સાથે નાની-મોટી બાબતોમાં ઝઘડો કરી અપશબ્દો બોલતા હતા. પરિવારના ખર્ચ અને બાળકોના અભ્યાસમાં પૂરતો સહયોગ ન મળતાં મહિલા પોતે બ્યુટી પાર્લર ચલાવી પરિવારની જવાબદારી નિભાવતી હતી.

પતિની હેરાનગતિથી કંટાળીને મહિલા છેલ્લા આશરે નવ મહિનાથી અલગ રહેતી હતી અને તેણે બ્યુટી પાર્લર પણ અન્ય સ્થળે ખસેડ્યું હતું. જોકે પતિ નવા સ્થળે પણ પહોંચી બોલાચાલી કરતા હોવાથી મહિલાના વ્યવસાય પર નકારાત્મક અસર થઈ રહી હતી.

ફરિયાદ મળતાં ૧૮૧ અભયમ વલસાડની ટીમ સ્થળ પર પહોંચી મહિલાની રજૂઆત જાણી હતી. ત્યારબાદ પતિનું કાઉન્સેલિંગ કરી કેફી પદાર્થોના સેવનથી વ્યક્તિ અને પરિવાર પર થતી નકારાત્મક અસરો અંગે સમજ આપવામાં આવી હતી. જરૂર પડે તો નશામુક્તિ કેન્દ્ર અથવા નિષ્ણાતની મદદ લેવાની સલાહ પણ અપાઈ હતી.

અભયમ ટીમે પતિને પત્નીના કામના સ્થળે જઈને ઝઘડો કે હેરાનગતિ નહીં કરવા તથા બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખી શાંતિપૂર્ણ વર્તન કરવા સમજાવ્યું હતું. કાઉન્સેલિંગ બાદ પતિએ પત્નીને હવે પછી હેરાન નહીં કરવાની અને કામના સ્થળે જઈને ઝઘડો નહીં કરવાની ખાતરી આપી હતી.

# નવસારી જિલ્લામાં ઘરઘાટી નોકર, ડ્રાઇવર, કારીગરો અને શ્રમિકોની માહિતી સીટીઝન પોર્ટલ/સિટીઝન ફર્સ્ટ એપ પર નોંધાવવી ફરજિયાત

નવસારી : નવસારી જિલ્લામાં ભૂતકાળમાં બનેલા લૂંટ, ધાડ, હત્યા તથા અપહરણ જેવા ગુનાઓના બનાવોને ધ્યાનમાં લેતા રહેણાંક વિસ્તારોના મકાનો/બંગલાઓ, કારખાનાઓ, મકાન બાંધકામ, ટેક્ષટાઈલ તથા હીરા ઉદ્યોગો, ફેકટરીઓ, ઓફિસો, દુકાનો, હોટલો અને અન્ય ખાનગી ક્ષેત્રોમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી, કારીગરો, મજૂરો તથા કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓની ઓળખ અને નોંધણી અંગે મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

નવસારી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે. એન. લિખિયા દ્વારા મળેલી સત્તાની રૂએ જાહેરનામા મુજબ નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં મકાન/બંગલા માલિકો, કારખાનેદારો, બિલ્ડરો, ટેક્ષટાઈલ તથા હીરા ઉદ્યોગો, ઓફિસો, દુકાનો, હોટલો, ખાનગી એકમો, ઈંટના ભઠ્ઠા, અન્ય ઉદ્યોગો તેમજ પરપ્રાંતિય કોન્ટ્રાક્ટરો દ્વારા કામે રાખવામાં આવેલા કર્મચારીઓ, કારીગરો અને મજૂરોની સંપૂર્ણ માહિતીની નોંધણી કરાવવી ફરજિયાત રહેશે.

હાલમાં કામ કરતા તેમજ ભવિષ્યમાં કામે રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજિંદા કે કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારી, કારીગર, મજૂર, ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન અને માળી સહિતના તમામ વ્યક્તિઓની જરૂરી માહિતી સીટીઝન પોર્ટલની વેબસાઈટ www.gujhome.gujarat.gov.in અથવા Citizen First Android Application મારફતે ફરજિયાત નોંધણી કરાવવાની રહેશે. નોંધણી કરાવેલી માહિતી પોતાની પાસે રાખવાની તેમજ જરૂરી જણાય ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવાની રહેશે.

આ ઉપરાંત, કામે રાખવામાં આવનાર તમામ કર્મચારી, કારીગર, મજૂર તથા નોકરની નાગરિકતા/ઓળખની ફરજિયાત ચકાસણી કરી તેની વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.

જાહેરનામામાં મુજબ કેટલાક કિસ્સાઓમાં બહારના સ્થળોએ ગંભીર ગુનાઓ આચરીને આરોપીઓ અન્ય શહેરો કે જિલ્લાઓમાં આશરો લેતા હોવાની શક્યતા રહે છે. આવા વ્યક્તિઓની ઓળખ અને રહેઠાણ અંગેની પૂરતી માહિતી ઉપલબ્ધ ન હોય તો પોલીસ તંત્રને તપાસ દરમિયાન મુશ્કેલી પડી શકે છે. તેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તથા સલામતી જળવાઈ રહે તે હેતુથી આ નોંધણી અને ચકાસણીની કાર્યવાહી ફરજિયાત કરવામાં આવી છે.

આ જાહેરનામાનો અમલ નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૩૦-૦૮-૨૦૨૬ થી તા. ૨૮-૧૦-૨૦૨૬ સુધી, બંને દિવસો સહિત રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સાઉથ રિપબ્લીક - દૈનિક
SOUTH REPUBLIC DAILY, NAVSARI

# સોમનાથ મંદિર આજુબાજુના પાર્કિંગમાં પાર્ક કરાતા વાહનો બાબતે મંદિરના ઉપપ્રમુખનો ખુલાસો






## સોમનાથ મંદિરની આસપાસ પાર્કિંગ સ્ટેન્ડોમાં વાહન પાર્કિંગના ભાવ વધારા બાબતે ચર્ચા થતા ખુલાસો કર્યો

બીલીમોરા : બીલીમોરા સોમનાથ મંદિરની આસપાસ આવેલા વિવિધ પાર્કિંગ સ્ટેન્ડોમાં વાહન પાર્કિંગના ભાવ વધારાને લઈને સોશિયલ મીડિયામાં ચાલી રહેલી ચર્ચા અને વાયરલ થઈ રહી હતી. જે બાબતે મંદિરના ઉપપ્રમુખ દ્વારા મંદિરની આસપાસ પાર્કિંગની જગ્યામાં પાર્ક કરાતા વાહનો માટે સોમનાથ મંદિર દ્વારા લેવામાં આવી રહ્યો ન હોવાનો જણાવતો વિડીયો વહેતો કર્યો છે.

બીલીમોરા સોમનાથ મંદિરની આજુબાજુ ખાનગી પાર્કિંગ સ્ટેન્ડ આવ્યા છે. જે પાર્કિંગમાં પાર્ક થતા વાહન માટે ચાર્જ વસુલવામાં આવે છે. હાલમાં ખાનગી પાર્કિંગના ભાવમાં વધારો થતા સોમનાથ મંદિરના ટ્રસ્ટીઓ અને સંચાલકો સામે આંગળીઓ ચીંધી સોશ્યલ મીડિયામાં વાતો વહેતી કરી છે. જેથી સોમનાથ મંદિરના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ દેવચંદભાઈ પટેલે ખુલાસો કરતો વિડીયો જારી કર્યો છે. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, સોમનાથ મંદિરની આસપાસના પાર્કિંગ સ્ટેન્ડમાં લેવામાં આવતા પાર્કિંગ ચાર્જ સાથે સોમનાથ મંદિર ટ્રસ્ટ કે મંદિર વ્યવસ્થાપનની કોઈ જવાબદારી કે સીધો સંબંધ નથી. પાર્કિંગ સ્ટેન્ડના સંચાલન તથા તેના દ્વારા વસૂલવામાં આવતા ચાર્જ અંગે મંદિર-સંસ્થા જવાબદાર નથી. સોમનાથ મંદિર પરિસર કે મંદિરના ગ્રાઉન્ડમાં પાર્ક થતા વાહનો માટે કોઈ ચાર્જ વસુલવામાં આવતો નથી. આવી માહિતીથી શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓમાં ગેરસમજ ઊભી થાય છે. સોમનાથ મંદિર દેશ-વિદેશમાંથી આવતા લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે અને તેની લોકપ્રિયતા તથા પ્રતિષ્ઠાને નુકસાન પહોંચે તેવી ખોટી રજૂઆતો ન કરવામાં આવે તેવી અપીલ કરવામાં આવી હતી. મંદિર તરફથી શ્રદ્ધાળુઓને સુવિધા, સ્વચ્છતા અને સુવ્યવસ્થિત વ્યવસ્થા મળી રહે તે માટે સતત પ્રયાસો કરવામાં આવે છે. પાર્કિંગના ભાવ અંગે કોઈ ફરિયાદ કે પ્રશ્ન હોય તો સંબંધિત પાર્કિંગ સંચાલક અથવા જવાબદાર તંત્ર સમક્ષ રજૂઆત કરવા પણ જણાવ્યું છે. સોમનાથ મંદિરની પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા જળવાઈ રહે તે માટે તથ્યવિહિન માહિતી ફેલાવવાને બદલે સાચી અને અધિકૃત માહિતી જ સોશિયલ મીડિયામાં પ્રસારિત કરવામાં આવે એવું એમણે જણાવ્યું હતું.

# ૮ સપ્ટેમ્બરે PM મોદી નવસારીમાં 'નમો કમલમ'નું ઉદ્ઘાટન કરશે

નવસારી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૮ સપ્ટેમ્બરે નવસારીની મુલાકાતે આવી નવનિર્મિત જિલ્લા ભાજપ કાર્યાલય 'નમો કમલમ'નું ઉદ્ઘાટન કરશે. PM મોદીના આગમનને લઈને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ અને રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ નવસારીમાં જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

નવસારી સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી બેઠકમાં જિલ્લા કલેક્ટર, DDO અને SP સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં વડાપ્રધાનની સુરક્ષા, પ્રોટોકોલ, પાર્કિંગ, ટ્રાફિક વ્યવસ્થા



તેમજ સભા સ્થળ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

નવસારીમાં અંદાજે રૂા.૧૦ કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક સુવિધાઓ સાથે 'નમો કમલમ'નું નિર્માણ કરવામાં આવ્યું છે. બેઠક બાદ સી. આર. પાટીલ અને હર્ષ સંઘવીએ કાર્યાલયની સ્થળ મુલાકાત લઈ સ્ટેજ, સભા મંડપ અને અંતિમ તબક્કાની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. અધિકારીઓ તથા કાર્યકરોને કાર્યક્રમને લઈ જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

# કબીલપોર ગામ પાસે પોલીસથી બચવા ભગાવેલી વિદેશી દારૂ ભરેલી કાર ડીવાઈડર અને મોપેડ સાથે અથડાઈ, કાર ચાલક ફરાર

## હાઈવે પર પોલીસે ખોટી નંબર પ્લેટવાળી દારૂ ભરેલી કારનો પીછો કરતા કાર ડીવાઈડર અને મોપેડ સાથે અથડાતા અકસ્માત સર્જાયો : કારમાંથી ૨.૫૭ લાખનો વિદેશી દારૂ મળી આવ્યો




નવસારી : નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર નવસારી એલ.સી.બી. પોલીસની નાકાબંધી જોઈ ખોટી નંબર પ્લેટવાળી વિદેશી દારૂ ભરેલી કારના ચાલકે પોલીસથી બચવા માટે કાર યુ-ટર્ન મારી ભાગવા જતા હતા. પોલીસે તે કારનો પીછો કરતા હાઈવે પર કબીલપોર ગામ પાસે દારૂ ભરેલી કાર ચાલકે કાર ડીવાઈડર તેમજ મોપેડ સાથે અથડાવી દેતા અકસ્માત સર્જાર્યો હતો. જે કારમાંથી પોલીસને ૨.૫૭ લાખનો વિદેશી દારૂ મળી આવતા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, નવસારી લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસને બાતમી મળી હતી કે, એક કાળા રંગની હ્યુન્ડાઈ કંપનીની ક્રેટા કાર (નં. જીજે-૨૧-સીસી-૭૬૯૦) માં એક ઈસમ દમણ ખાતેથી વિદેશી દારૂનો જથ્થો ભરી સુરત જવા માટે નીકળ્યો છે. જેણે હાલમાં બોરીયાચ ટોલનાકું પસાર કર્યું છે. જે બાતમીના આધારે પોલીસે નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર કબીલપોર ગામ પાસેથી વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી કાર આવતા પોલીસે તેની આગળ ચાલતા વાહનોને પોલીસનું બોર્ડ તેમજ લાકડી બતાવી વાહનો ઉભા રખાવી આડાસ કરી હતી. પરંતુ પોલીસની આડાસ જોઈ કાર ચાલકે કાર ઓવરબ્રિજ ઉપર જ યુ-ટર્ન મારી ભાગવા લાગ્યો હતો. જેથી પોલીસે હાઈવે પરની આડાસ હટાવી ખાનગી વાહનમાં બેસી તે કારનો પીછો કર્યો હતો. દરમિયાન કાર ચાલકે કાર પુરઝડપે ભગાવતા મુંબઈથી અમદાવાદ જતા ટ્રેક ઉપર કાર ડીવાઈડર તેમજ એક મોપેડ (નં. જીજે-૨૧-બીએફ-૭૩૮૫) સાથે અથડાવી દીધી હતી. આ અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક કાર ઘટના સ્થળે મૂકી નાસી ગયો હતો. જેથી પોલીસે ક્રેટા કારની તપાસ કરતા તેમાંથી ૨,૫૭,૨૮૦ રૂપિયાની ૧૦૩૨ નંગ વિદેશી દારૂની વ્હીસ્કી અને બિયરની બોટલો મળી આવી હતી. આ બાબતે પોલીસે કારના નંબર પ્લેટની ચકાસણી કરતા જીજે-૨૧-સીસી-૭૬૯૦ નંબર ખોટો હોવાનું અને જીજે-૧૫-સીકે-૭૪૪૪ નંબર સાચો હોવાનું સામે આવ્યું હતું. આ બાબતે પોલીસે કાર માલિક અને કાર ચાલક બંને વિરુદ્ધ ગુનો નોંધી વિદેશી દારૂ સહીત ૭ લાખની કાર મળી કુલ્લે ૯,૫૭,૨૮૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

# નવસારી સબજેલમાં રક્ષાબંધનની ઉજવણી, કેદી ભાઈઓને રાખડી બાંધવા બહેનો ઉમટી

નવસારી : નવસારીના જુનાથાણા વિસ્તારમાં આવેલી સબજેલમાં રક્ષાબંધનના પવિત્ર તહેવારની લાગણીસભર ઉજવણી કરવામાં આવી હતી. કેદી ભાઈઓને રાખડી બાંધવા માટે મોટી સંખ્યામાં બહેનો જેલ પરિસરમાં પહોંચી હતી. ભાઈ-બહેનના મિલન સમયે અનેક ભાવુક દ્રશ્યો સર્જાયા હતા અને કેટલીક બહેનોની આંખોમાં આંસુ આવી ગયા હતા.

રક્ષાબંધન નિમિત્તે જેલ તંત્ર દ્વારા વહેલી સવારથી જ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. બહેનોને સવારે ૮ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી કેદી ભાઈઓને રાખડી બાંધવાની મંજૂરી આપવામાં આવી હતી. લાંબા સમય બાદ ભાઈને મળેલી બહેનોએ રાખડી બાંધી તેમના સુખી, સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન માટે પ્રાર્થના કરી હતી.



નવસારી સબજેલમાં પાકા તથા કાચા કામના મહિલા કેદીઓ સહિત કુલ ૩૬૦ કેદીઓ સજા ભોગવી રહ્યા છે. જેલમાં રહેલા કેદીઓએ પણ રક્ષાબંધનનો તહેવાર ભાવપૂર્વક ઉજવ્યો હતો.

જેલ સુપ્રિટેન્ડેન્ટ કે.કે. જાધવે જણાવ્યું હતું કે, ડીજી ડૉ. કે.એન.એન. રાવના માર્ગદર્શન હેઠળ રક્ષાબંધનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બંદીવાન ભાઈઓની બહેનો જેલમાં આવી તેમને રાખડી બાંધે છે અને તેઓ વહેલી તકે જેલમાંથી મુક્ત થાય તેવી પ્રાર્થના કરે છે.

આ પ્રસંગે બહેનોએ પોતાના ભાઈઓને તંદુરસ્ત, સમૃદ્ધ અને સુખી દીર્ઘાયુ જીવન માટે શુભેચ્છા પાઠવી હતી. નવસારી જિલ્લા જેલ ખાતે પ્રેમ, લાગણી અને ભાઈ-બહેનના અતૂટ સંબંધનું પ્રતિબિંબ જોવા મળ્યું હતું.

# બીલીમોરામાં સમાજના રક્ષકોને રક્ષા સૂત્ર બાંધી રક્ષાબંધનની ઉજવણી કરાઈ


બીલીમોરા : રક્ષાબંધન પર્વ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના યુવા કાર્યકરો દ્વારા અનોખી પહેલ કરવામાં આવી હતી. કાર્યકરોએ બીલીમોરા પોલીસ વિભાગ, ફાયર વિભાગ તેમજ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓને રક્ષા સૂત્ર બાંધી તેમની નિષ્ઠા અને સેવાભાવનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે કાર્યકરોએ જણાવ્યું હતું કે, સમાજની સુરક્ષા અને સેવા માટે દિવસ-રાત ફરજ બજાવતા



પોલીસકર્મીઓ, ફાયર જવાનો અને આરોગ્ય કર્મચારીઓ સાચા અર્થમાં સમાજના રક્ષક છે. રક્ષાબંધનના પર્વે આવા કર્મયોગીઓ પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો આ પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઉજવણી દ્વારા રક્ષાબંધનના પર્વને ભાઈ-બહેનના સંબંધથી આગળ લઈ જઈ સમાજમાં સેવા, સુરક્ષા, એકતા અને સંસ્કારનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખે ગિરમાળ ગીરાધોધની મુલાકાત લીધી : પ્રવાસન વિકાસ અને પ્રાથમિક સુવિધાઓ સત્વરે પૂરી પાડવા ખાત્રી આપી

આહવા : આજે રક્ષાબંધનના પાવન પર્વ પર ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખે સુબિર તાલુકાના સ્થાનિક આગેવાનો અને હોદ્દેદારો સાથે પ્રકૃતિના અદભુત આશીર્વાદ સમાન ડાંગ જિલ્લાના વિશ્વવિખ્યાત ગિરમાળ ગીરાધોધની અચાનક મુલાકાત લીધી હતી. ચોમાસાની ઋતુમાં ગીરાધોધની નયનરમ્ય સુંદરતા માણવા માટે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડે છે. આ મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખે પ્રવાસીઓ તથા સ્થાનિક ગ્રામજનો દ્વારા ભોગવાતી પાયાની ભૌતિક સુવિધાઓની અછત અને સમસ્યાઓની ગંભીર નોંધ લીધી હતી.




પ્રખ્યાત પ્રવાસન સ્થળ તરીકે ગીરાધોધ ખાતે પ્રવાસીઓની સુરક્ષા, સુવિધા અને સ્થાનિક આદિવાસી સમાજની રોજગારીને ધ્યાનમાં રાખીને પ્રમુખે સ્થળ પર જઈને જમીની સ્થિતિનું સઘન નિરીક્ષણ કર્યું હતું. અને તેમણે સ્થાનિક ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધીને ખાત્રી આપી હતી કે, ડાંગના આ પ્રાકૃતિક વારસાનેએક આદર્શ અને સુસજ્જ -વાસન કેન્દ્ર તરીકે વિકસાવવા માટે પંચાયત અને રાજ્ય સરકાર પૂર્ણ રીતે કટિબદ્ધ છે.

આ મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખે ગીરાધોધ વિસ્તારમાં નેટવર્કના અભાવે પ્રવાસીઓ અને સ્થાનિકોને સંપર્ક કરવામાં ભારે હાલાકી ભોગવવી પડે છે. જે સમસ્યાના કાયમી ઉકેલ માટે તાત્કાલિક ધોરણે બીએસએનએલનું મોબાઈલ નેટવર્ક ઉપલબ્ધ કરાવવા, પ્રવાસન સ્થળની પ્રાકૃતિક સુંદરતા અને ગરિમા જળવાઈ રહે તે માટે યોગ્ય સ્થળોએ કચરાપેટીઓ મુકવાની અને પ્રવાસીઓની સગવડ માટે શૌચાલય-બાથરૂમ જેવી આવશ્યક ભૌતિક સુવિધાઓનું ટૂંક સમયમાં નિર્માણ કરવા ગુજરાત સરકારના પ્રવાસન મંત્રી સમક્ષ વિશેષ રજૂઆત કરી જરૂરી ગ્રાન્ટ અને પ્રોજેક્ટસ મંજૂર કરાવવામાં ખાત્રી આપી છે. સાથે જ પ્રવાસન ક્ષેત્રના સુઆયોજિત વિકાસ દ્વારા સ્થાનિક આદિવાસી ગ્રામજનોને પોતાના ગામમાં જ રોજીરોટીના નવા સાધનો મળી રહે તેવું નક્કર આયોજન હાથ ધરાશે.

જિલ્લા પંચાયત પ્રમુખની આ સરાહનીય મુલાકાત અને તમામ સમસ્યાઓના ઝડપી નિરાકરણની ખાતરીથી સ્થાનિક ગ્રામજનો અને પ્રવાસીઓમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે. ડાંગ જિલ્લાના પ્રવાસન ઉદ્યોગને વેગ આપવાની દિશામાં આ મુલાકાત એક મહત્વપૂર્ણ કદમ સાબિત થશે.

# બીલીમોરામાં પાર્ક કરેલી બાઈક હટાવવા કહેતા મોબાઈલ દુકાન સંચાલક પિતા-પુત્રને માર્યા

નવસારી : બીલીમોરામાં પાર્ક કરેલી બાઈક હટાવવા કહેતા ગેરેજ સંચાલક પિતા-પુત્રએ મોબાઈલ દુકાન સંચાલક પિતા-પુત્રને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો બનાવ બીલીમોરા પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, બીલીમોરા વણકર ટેકરો પર રહેતા વિકાસ રમેશભાઈ તિવારી તેમના પરિવાર સાથે રહે છે. અને અમલસાડ જ્યુબીલી તળાવની સામે મોબાઈલ એસેસરીઝની દુકાન ચલાવે છે. ગત ૨૭મીએ વિકાસભાઈ તેમની દુકાને હતા. ત્યારે તેમની બાજુમાં આવેલી બંધ દુકાનની બહાર ગેરેજવાળા હિરેનભાઈ સુમનભાઈ પટેલે બાઈકો મૂકી હતી. જેથી અમુક બાઈક હટાવવા વિકાસભાઈએ હિરેનભાઈને બાઈક હટાવવા કહેતા હિરેનભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. અને આવેશમાં આવી વિકાસભાઈને અપશબ્દો બોલી માર મારવા લાગ્યા હતા. સાથે જ હિરેનભાઈના પિતા સુમનભાઈએ વિકાસભાઈ સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. દરમિયાન વિકાસભાઈના પિતા રમેશભાઈ વચ્ચે પડતા હિરેનભાઈએ સુમનભાઈને લોખંડનો ટોમી માથાના પાછળના ભાગે મારતા લોહી નીકળવા લાગ્યું હતું. જોકે અન્ય લોકોએ વચ્ચે પડી તેઓને છોડાવ્યા હતા. પરંતુ જતા-જતા હિરેનભાઈ અને સુમનભાઈએ જાનથી મારી નાંખવાની ધમકી આપી ગયા હતા. આ બાબતે વિકાસભાઈએ બીલીમોરા પોલીસ મથકે હિરેનભાઈ અને સુમનભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ હે.કો. રાજુભાઈને સોંપી છે.

OWNER , PRINTER, PUBLISHER, & EDITOR :- ROHIT ASHOK SETHIA, PRINTED AT :- AAYUSH ENTERPISE, D-26, UDHYOG NAGAR,VIJALPORE, NAVSARI, GUJARAT- 396445., PUBLISHED PLACE :- 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT -396445. , EDITOR : ROHIT ASHOK SETHIA, Mo. :-+91-7600000600